એ.એમ.સી.મેડીકલ એજ્યુકેશન ટ્રસ્ટ
એન.એચ.એલ મેડીકલ કોલેજ, વી.એસ.હોસ્પિટલ કંપાઉન્ડ
એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬

સરકયુલર નં-૦૧ તા.૨૫/૦૪/૨૦૨૨

વિષયઃ- વિદેશ પ્રવાસની રજા મંજુર કરાવવા બાબત

સંદર્ભ :- (૧) સેન્ટ્રલ ઓફિસ સરકયુલર નંઃ-૦૨ તા.૧૨-૦૪-૨૦૦૫.
(૨) સેન્ટ્રલ ઓફિસ સરકયુલર નંઃ-૧૮ તા.૩૧-૦૭-૨૦૧૮.
(૩) સેન્ટ્રલ ઓફિસ સરકયુલર નંઃ-૩૮ તા.૧૫-૧૦-૨૦૧૮.
(૪) એએમસી મેટ સરકયુલર નંઃ- ૦૭ તા.૦૮.૦૫.૨૦૧૯.
(૫) સેન્ટ્રલ ઓફિસ સરકયુલર નંઃ- ૦૪ તા.૧૨.૦૪.૨૦૨૨.

આથી એ.એમ.સી.મેટ સંચાલીત તમામ કોલેજોના ડીનશ્રીઓ, પ્રિન્સીપાલશ્રીઓ, વડા અધિકારીશ્રીઓ તથા કર્મચારીશ્રીઓને જણાવવાનું કે, એ.એમ.સી.મેડીકલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલીત કોલેજોના વર્ગ ૧ થી ૪ માં ફરજ બજાવતા અધિકારીશ્રીઓ/કર્મચારીઓ દ્વારા વખતો વખત વિદેશ જવા માટે રજા મંજુર કરવા સંદર્ભ નં.-૪ થી સરકયુલર કરવામાં આવેલ છે. જેમાં નીચે મુજબ આંશિક સુધારો કરેલ છે. જેની તમામ અધિકારીશ્રીઓ/તબીબી શિક્ષકશ્રીઓ/કર્મચારીશ્રીઓએ નોંધ લેવી.

- હવેથી દરેક અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓએ વિદેશપ્રવાસ રજા મંજુર કરાવવા માટે હકક રજાના ફોર્મ સાથે એનેક્ષર-એ તથા બી માં જણાવેલ માહિતી સાથે ખાતાના વડા અધિકારીશ્રી મારફતે ડીનશ્રીને અરજી કરવાની રહેશે.
- ડીનશ્રી ઓફિસ દ્વારા સબંધિત કર્મચારીની ખાતાકીય તપાસ અને વિજીલન્સ તપાસની માહિતી જે તે ખાતેથી મેળવવાની રહેશે.
- ડીનશ્રી ઓફિસ દ્વારા નીચે પત્રકમાં જણાવ્યા અનુસાર સબંધિત કર્મચારીની અરજી રજા મંજુર કરનાર સક્ષમ સત્તાધિકારીશ્રીના નિર્ણય અર્થે ડાયરેકટર (એ.એમ.સી.મેટ)શ્રી મારફતે મુકવાની કાર્યવાહી કરવાની રહેશે.
- વર્ગ-૧ ના અધિકારીશ્રીઓ/વર્ગ-૧ ના તબીબી શિક્ષકશ્રીઓની વિદેશ જવાની તમામ રજા માન. ચેરમેનશ્રી(એએમસી મેટ)પાસે મંજુર કરાવવાની રહેશે.
- વર્ગ-૨ થી ૪ ના તમામ અધિકારીશ્રીઓ/તબીબી શિક્ષકશ્રીઓ/કર્મચારીશ્રીઓએ સેક્રેટરીશ્રી(એએમસી મેટ) પાસે રજા મંજુર કરાવવાની રહેશે. ચાર માસથી વધુ રજાની જરૂરિયાત હોય તો માન.ચેરમેનશ્રી(એએમસી મેટ) પાસે રજા મંજુર કરાવવાની રહેશે.
- વર્ગ-૧ થી ૪ ના તમામ અધિકારીશ્રીઓ/તબીબી શિક્ષકશ્રીઓ/કર્મચારીશ્રીઓએ સ્વ ખર્ચે વિદેશ જવાનું હોય તો વિદેશ જવા અંગે કેટલો ખર્ચ થવાનો છે. તથા તે ભંડોળ કયાંથી એકત્રિત કરેલ છે. તેની તમામ વિગતો રજુ કરવાની રહેશે.

એ.એમ.સી.મેટમાં રજા દરમ્યાન ચાર્જ સોપવાની પ્રથા હાલમાં છે, તે મુજબ અમલ કરવાનો રહેશે.

AMC MEDICAL EDUCATION TRUST
AHMEDABAD MUNICIPAL CORPORATION

sd/-
સેક્રેટરી
એ.એમ.સી.મેટ